# Knowledge Consortium of Gujarat

Department of Education, Government of Gujarat


ક્રમાંક: કેસીજી/એક્ષ્ટેન્શન/૨૦૧૭/2486

તા. ૨૬/૦૯/૨૦૧૭

પ્રતિ,

રજીસ્ટ્રારશ્રી, તમામ યુનિવર્સીટીઓ, ગુજરાત રાજ્ય

વિષય: તા. ૨૫/૦૯/૨૦૧૭ થી તા. ૨/૧૦/૨૦૧૭ – ખાદી સપ્તાહની ઉજવણી કરવા બાબત.

સંદર્ભ: શિક્ષણ વિભાગનો તા. ૧૫/૦૯/૨૦૧૭ નો પત્ર ક્રમાંક પરચ ૨૭૧૨-મ-૨૬૪- ખ ૧

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય પરત્વે જણાવવાનું કે દેશનાં બે તત્વચિંતક મહાનુભાવોનાં જન્મદિવસને જોડીને તા. ૨૫ સપ્ટેમ્બરનાં રોજ પંડિત દીનદયાલ ઉપાધ્યાયના જનમદિવસથી શરૂ કરીને તા. ૨ જી ઓક્ટોબરના રોજ પૂ. મહાત્મા ગાંધીજીનાં જન્મદિવસને ધ્યાને લઇ તા. ૨૫/૦૯/૨૦૧૭ થી તા. ૨/૧૦/૨૦૧૭ સુધીના અઠવાડિયાને "ખાદી સપ્તાહ" તરીકે ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું છે. રાજ્યના અને દેશના ખાદી ઉત્પન્ન કરતા નાના મોટા કારીગરોને પ્રોત્સાહન આપવાના ભાગ રૂપે તેમજ "ખાદી ફોર ફેશન – ખાદી ફોર નેશન" ની વિભાવના મૂર્તિમંત કરવા માટે ઉચ્ચ કક્ષાએથી સૂચના મળેલ છે. પર્યાવરણની રીતે વધુ અનુકૂળ એવા આ કાપડના વપરાશ દ્વારા દેશના ખાદીવણાટ સાથે જોડાયેલ દેશબંધુઓને રોજગારીની મહત્તમ તક પ્રાપ્ત થાય તે માટે સહભાગી થઇ શકાય તેવા શુભ આશયથી આ સમય દરમ્યાન આપના હસ્તકની યુનિવર્સીટીઓના અધ્યાપકો અને તેમના કુટુંબીજનો ખાદીનો પોશાક/ કાપડ ખરીદ કરે તે માટે જરૂરી વ્યવસ્થા કરવા અને આ ઉમદા કાર્યમાં સહભાગી થવા વિનંતી છે.

આ અંગે રોજ રોજ થયેલ વેચાણ ની વિગતો નીચે દર્શાવેલ લિંકમાં રોજ સાંજે ૫ કલાક સુધીમાં બિનચૂક જણાવવાની રહેશે.

ગૂગલ લિંક : https://goo.gl/forms/lbAcjpOGoPLDh3b63

પ્રો.એ.યુ.પટેલ

એડવાઈઝરશ્રી, કે.સી.જી અને

પૂર્વ કુલપતિ,ગુજરાત યુનિવર્સિટી

26/9/17

નકલ સવિનય રવાના જાણ સારૂ:

૧. અગ્રસચિવશ્રી, ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ, નવા સચિવાલય, ગુ.રા., ગાંધીનગર

૨. નાયબ સચિવશ્રી, (ઉચ્ચ શિક્ષણ) નવા સચિવાલય, ગુ.રા.,ગાંધીનગર

૩. ઉપ સચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગાંધીનગર

૪. નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણ, ગાંધીનગર

૫. કુલપતિશ્રી તમામ યુનીવર્સીટી

૬. ડૉ. યોગેશ યાદવ, ખાસ ફરજ પરના અધિકારી, એક્સ્ટેન્શન, કેસીજી


**Pragna Puram,** Opp. PRL, Near L D College of Engineering, Ahmedabad-380 015.

Ph. : 079-26302077 • Fax : 079-26302067 • Website : www.kcg.gujarat.gov.in